## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ગુરૂજી, ધારોકે હુ વૃક્ષરોપણ કરી ફોટો પડાવી જતો રહુ અને પછી એ છોડ સંભાળ વગર મરી જાય તો મને વનસ્પતિ હત્યાનું પાપ લાગે ...!!!

ગાંધીનગર રેન્જ આઈજીનો પ્રજાલક્ષી અભિગમ

# એસ.પી.કચેરી ખાતે લોક દરબાર યોજાયો

### ઘરફોડ-વાહનચોરી, ટ્રાફિકનો પ્રશ્ન, એસ.ટી.ડેપોમાં મોબાઈલ ચોરી, બાઈકર્સ સહિતના પ્રશ્નો નાગરીકોએ રજુ કર્યા, તમામ પ્રશ્નોનું તાકિદે નિરાકરણ આવશે- રેન્જ આઈજી વિરેન્દ્રસિંગ યાદવ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લા પોલીસવડાની કચેરી ખાતે આજે બપોરના સમયે રેન્જ આઈજી વિરેન્દ્રસિંગ યાદવની અધ્યક્ષતામાં લોકદરબાર કાર્યક્રમ યોજાયો હતો. આ લોકદરબારમાં શહેરના નાગરીકોએ ઘરફોડ, વાહનચોરી, ટ્રાફિક સમસ્યા, મોબાઈલ ચોરી, પીક પોકેટીંગ, બાઈકર્સ, નશાયુકત ચીજવસ્તુઓમાંથી મુકિત સહિતના પ્રશ્નોનું તાકિદે યોગ્ય નિરાકરણ લાવવાની રેન્જ આઈજીએ બાંહેધરી આપી હતી.શહેરના નાગરીકોના પ્રશ્નો અને તેના નિરાકરણ માટે રેન્જ આઈજી વિરેન્દ્રસિંગ યાદવ અને જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમશેટ્ટી દ્વારા લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ લોકદરબારમાં શહેર-જિલ્લાના નાગરીકો સાથે સીધો વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ દ્વારા શહેરના રહેણાંક મકાનોમાં થતી ઘરફોડ ચોરીના બનાવો, ટ્રાફિક સમસ્યા, વાહનચોરી, મહાત્મા મંદિર થી વિધાનસભા સુધીના માર્ગ પર વિવિધ દુષણો ડામવા મુદ્દે રજુઆત કરી હતી. જયારે લોકદરબારમાં ઉપસ્થિત જયોતિ મહિલા મંડળના પ્રમુખ ચેતનાબેન બુચે શહેરની શાળાની આસપાસ બિન્દાસ્ત વેચાણ થતા પાન-મસાલાની દુકાનો સામે તવાઈ લાવવા અને કોલેજની આસપાસ બેસી રહેતા અસામાજીક તત્વોને દુર કરવા સહિતના પ્રશ્નો રજુ કર્યા હતા. જયારે શહેર-જિલ્લાના અન્ય નાગરીકોએ પણ ટ્રાફિકની સમસ્યા, ગતિ નિયમન, આડેધડ પાર્કિંગ, માર્ગમાં અડીંગો જમાવતા ઢોર, વાહનચોરી, ઘરફોડ, શહેરના કેટલાક માર્ગો પર સ્પીડબ્રેકર મુકવા સહિતના પ્રશ્નો રજુ કર્યા હતા. ત્યારે રેન્જ આઈજી એ નાગરીકોને સમસ્યાનું તાકીદે નિરાકરણ લાવવાની ખાત્રી આપી હતી. ત્યારે શહેરમાં વધી રહેલી ચોરી માટે પોલીસ દ્વારા સઘન પેટ્રોલીંગ કરવામાં આવશે. જયારે ટ્રાફિકની સમસ્યા માટે પણ પોઈન્ટ પર વધુ જવાનો તૈનાત કરાશે.

## માતૃ વંદના મહિલા મંડળ દ્વારા સેવા કાર્યોની સાથે વર્ષાઋતુમાં સુંદર પ્રવાસનું આયોજન



ગાંધીનગર, તા. ૮

માતૃવંદના મહિલા મંડળ સેક્ટર ૧૪ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે જેમાં બચત મંડળ નવરાત્રી ગરબા મહોત્સવ યોગા ભજન પ્રવાસ કેમ જ બહેનો સ્વાવલંબી બને તે માટે બચત મંડળ પણ ચલાવવામાં આવે છે

આ રવિવારે વર્ષાઋતુની મોસમમાં મંડળની બહેનોએ કડી પાસેના ગણેશ ફનવલર્ડનો પ્રવાસ કરેલ જેમાં દસ વર્ષની બાલિકાઓ થી ૭૦ વર્ષની બહેનો સુધીનો સમાવેશ થયેલ. ફનવલર્ડની જુદી જુદી વૉટર રાઈડ ની મોજ માણી હતી ખો-ખો ની રમત ગીતોની રમઝટ ડાન્સ ગરબા નો આનંદ માણેલ આવા સુંદર કાર્યક્રમના આયોજનથી મહિલા સશક્તિકરણ સાથે સાથે બહેનોમાં એકબીજાને મદદરૂપ થવાની ભાવના આવા સામાજિક ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમો પણ ખૂબ જરૂરી છે

આવા સુંદર કાર્યક્રમમાં જોડાવા બદલ હાર્દિક શુભેચ્છા મંડળના પ્રમુખ ઉષાબેન ચૌહાણ અને મંત્રી મીનાબેન ગઢવી તરફથી પાઠવવામાં આવે છે. ઉષાબેન ચૌહાણ, મીનાબેન ગઢવી અને વિમળાબેન પટેલ ખજાનચી પણ હાજર રહેલ હતા.

# ધણપ પાસે લોંડીગ રીક્ષાના ગુપ્ત ખાનામાંથી બિયરના ૨૮૮ ટીન મળ્યા

### ચિલોડા પોલીસે બિયર, રીક્ષા, મોબાઈલ મળી કુલ રૂ.૮૮,૫૬૦ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૮

ચિલોડા નજીક ધણપ ગામની સીમમાં અંજલી હોટલ થી મોટા ચિલોડા તરફ જતા માર્ગ પર માલવાહક રીક્ષામાં ગુપ્ત ખાનામાંથી બિયરના ૨૮૮ ટીન કિં.૩૪,૫૬૦ તેમજ રીક્ષા સાથે બે શખ્સોને પકડી પાડી કુલ રૂ.૮૮,૫૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર રેન્જ આઈજી વિરેન્દ્રસિંગ યાદવ અને જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી સુચનાથી ચિલોડા પીઆઈ એ.એસ.અસારી ટીમ સાથે વાહનમાં પેટ્રોલીંગમા હતા. તે સમયે બાતમી મળી હતી કે છાલા ગામ હાઈ વે માર્ગ પર થી આવતી માલવાહક રીક્ષા નં.જી.જે. ૦૧.ડી.યુ.-૫૩૧૩ ના ગુપ્ત ખાનામાંથી બિયરનો જથ્થો સંતાડી રાખવામાં આવ્યો છે. જેથી પોલીસે ધણપ અંજલી




હોટલ સામે ચિલોડા તરફ જતા માર્ગ પર વોચ ગોઠવી હતી. ત્યારે બાતમીવાળી રીક્ષા આવતા પોલીસે ઉભી રખાવી હતી. પોલીસે રીક્ષા ચાલકનું નામ પુછતા તેણે વિરેન્દ્રકુમાર સામાસમ રોત(મીણા, રહે નીચલા ફલા ખાંડીઓવરી ગામ તા.ખેરવાડા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે રીક્ષામાં તપાસ કરતા રીક્ષામાં માલ સામાન ભરેલો ન હતો. પરંતુ રીક્ષાની ટ્રોલીનો ભાગ ઉંચો કરતા જ ગુપ્ત ખાનામાંથી બિયરના ટીન ૨૮૮ નંગ મળી આવ્યા હતા. જયારે પોલીસ પુછતાછ કરતા વિરેન્દ્ર મીણાએ રાજસ્થાનથી બિયરનો જથ્થો ભરી લાવ્યો છે અને અમદાવાદના કુબેરનગર ખાતે રહેતા દિશાંત મનોજભાઈ ગારંગ ધણપ ગામ પાસે ડીલીવરી લેવા માટે ઉભો હોવાથી તેને પણ પોલીસે પકડી પાડ્યો હતો. પોલીસે રીક્ષા કિં.૫૦ હજાર, બિયર-૨૮૮ નંગ, કિં.૩૪,૫૬૦ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૮૮,૫૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી બે શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સરગાસણ વિસ્તારમાં બે પાન પાર્લરમાંથી પ્રતિબંધિત સીગારેટના પેકેટ ઝડપાયા

ગાંધીનગર, તા.૮

શહેરના સરગાસણ ચોકડી પાસેના એક કોમ્પ્લેક્ષમાં સ્થિત પાન પાર્લર અને અન્ય એક મોલમાં આવેલ પાન હાઉસમાં વેપારી પ્રતિબંધીત સિગારેટરનો વેપાર કરી રહ્યો છે. જેથી પોલીસે બાતમીને પગલે તપાસ કરી બંને પાર્લરના મળીને સિગારેટરના ૫૪ પેકેટ કિં.૧૧,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે વેપારી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે સમયે બાતમી મળી હતી કે સરગાસણ ચોકડી પાસે આવેલ એક વાણિજ્ય કોમ્પ્લેક્ષમાં આવેલી પાન પાર્લર અને અન્ય એક મોલમાં આવેલી પાન મસાલાની દુકાનમાં પ્રતિબંધીત અને ગેરકાયદેસર રીતે સીગારેટ અને બીજી તમાકુ તેમજ અધિનિયમ ૨૦૦૩ નો ભંગ કરી સીગારેટ (આરોગ્યને લગતી) સ્પષ્ટ ચેતવણી દર્શાવવા લેબલ વિનાની સીગારેટ વેચાણ થાય છે.

જેથી પોલીસે બાતમીવાળી દુકાને રેઈડ પાડતા પાન પાર્લર પર પંકજ જોષી અને અન્ય એક પાન હાઉસમાંથી ભગીરથસિંહ પરમાર હોવાનું જણાવ્યું હતું. પોલીસે પાર્લર ચેક કરતા કાઉન્ટરના ડ્રોવરમાંથી બંન્ને દુકાનોમાંથી ૨૭-૨૭ સીગારેટના પેકટ મળી આવ્યા હતા.

પોલીસે રૂ.૧૧,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરના છ-૩ સર્કલ પાસેથી સીસીટીવી કેમેરાના સ્ટેબીલાયઝરની ચોરી

ગાંધીનગર, તા.૮

શહેરના સેકટર-૧૦ બિરસામુંડા ભવન છ-૩ સર્કલ પાસે લગાવેલું સીસીટીવી કેમેરામાં રહેલા જંકશન બોક્ષની તસ્કરોએ ચોરી કરી છે. જયારે પોલીસે સ્થળ પર તપાસ કરતા સીસીટીવી કેમેરાના સ્ટેબીલાયઝરની ચોરી કરી લોઅર ડોર તોડી અન્ય વાયરો કાપ્યા હોવાનું પણ ધ્યાને આવતા પોલીસ મથકે ચોરીની ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૧૦ છ-૩ સર્કલ બિરસા મુંડા ભવન પાસે લગાવેલા સીસીટીવી કેમરાનું ઓરેન્જ બિઝનેસ સર્વિસ ઈન્ડીયા ટેકનોલોજી પ્રા.લિમિટેડ કંનપીનું જંકશન બોક્ષની ચોરી કરી લોઅર તોડી બીજા અન્ય વાયરોની કાપી અજાણ્યા શખ્સો રૂ.૨૪ હજારનું નુકશાન કર્યુ છે. જેથી પોલીસે સ્થળ તપાસ કરતા લોઅર તોડી તેમજ બીજા અન્ય વાયરો કાપી સીસીટીવી કેમેરાનું જંકશન બોક્ષનું સ્ટેબીલાયઝર ચોરી થઈ ગયું હોવાનું જાણવા મળ્યુ હતું. સ્ટેબીલાયઝર સાથે કનેકટ સીસીટીવી કેમેરા સ્ટેબીલાયઝર ચોરી થવાની ગઈ તા.૫-૮-૨૩ ના રોજ રાત્રીના ૮ વાગે બંધ હોવાનું સામે આવતા ચોરીની ફરીયાદ સેકટર-૭ પોલીસ મથકે નોંધાવી પામી છે.

## ચાર નિશાળોમાં નવા કપડાનું વિતરણ કરતી શ્રી ગજાનન સેવા સમિતિ

ગાંધીનગર, તા. ૮

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ચાર નિશાળોમાં નવા કપડાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

પહાડીયા, રુદરડી, ભૂતાવડ આશ્રમ શાળા તથા ધોલવણી શાળામાં ભણતા તમામ બાળકોને નવા કપડા આપવામાં આવ્યા હતા. મિલિન્દભાઈ, શ્રુતિબેન, દિનેશભાઈ તથા ભીમજીભાઈ હાજર રહ્યા હતા. નિશાળના સ્ટાફનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

# માણસા પોલીસ મથકનો એએસઆઈ રૂ.૬૦ હજારની લાંચ લેતા ઝડપાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના માણસા પોલીસ મથકનો એએસઆઈ રૂ.૬૦ હજારની લાંચ લેતા એસીબીના છટકામાં આબાદ ઝડપાયો છે. એએસઆઈએ દારૂના ગુનામાં આરોપીને નહી મારવાના અને જામીન પર છોડી દેવાની અવેજમાં રૂ.૬૦ હજારની લાંચની માંગણી કરી હતી. ત્યારે લાંચિયો એએસઆઈ પકડાતા પોલીસ બેડામાં સન્નાટો વ્યાપી ગયો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ માણસા પોલીસ મથકના આસીસ્ટન્ટ પોલીસ સબ ઈન્સ્પેકટ સબ મુકેશસિંહ અણદુસિંહ વાઘેલાએ પ્રોહીના ગુનામાં આરોપીને નહી મારવાના અને જામીન પર છોડી દેવાની અવેજમાં ભત્રીજા પાસે રૂ.૬૦ હજારની માંગ કરી હતી. જેથી આરોપીના ભત્રીજાએ એસીબીમાં ફરીયાદ



કરી હતી. જે ફરીયાદને પગલે એસીબીના મદદનીશ નિયામક આશુતોષ પરમારના સુપરવિઝન હેઠળ ગાંધીનગર એસીબી પોલીસ મથકના પીઆઈ હાર્દિક ચાવડાએ પોતાની ટીમ સાથે માણસા વાવ દરવાજા તરફ જવાના રપોડ પર આવેલી ટ્રાન્સપોર્ટની ઓફિસ પાસે લાંચનું છટકુ ગોઠવ્યું હતું. જેથી અગાઉથી નક્કી થયા મુજબ દારૂના ગુનાના આરોપીનો ભત્રીજો એએસઆઈને મુકેશસિંહને મળ્યો હતો. ત્યારબાદ ઔપચારીક વાતચીત પછી લાંચની રકમ સ્વીકારતા જ એસીબીએ ઝડપી પાડ્યો હતો. એએસઆઈ લાંચના છટકામાં ઝડપાતા માણસા પોલીસ મથકમાં સન્નાટો છવાયો હતો. ત્યારે લાંચની રકમમાં અન્ય કોઈનો ભાગ કે હિસ્સો હતો કે નહી તેની પણ એસીબી દ્વારા તપાસ કરવામાં આવશે.

## એસ.પી.કચેરી ખાતે જિલ્લાના ધારાસભ્યોની મુલાકાત યોજાઈ



ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ સ્થિત જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે આજે સવારે ગાંધીનગરના પાંચ ધારાસભ્યોએ ગાંધીનગર રેન્જ આઈજી વિરેન્દ્રસિંગ યાદવ અને જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી સાથે શુભેચ્છા મુલાકાત યોજાઈ હતી.

આ મુલાકાત પ્રસંગે ગાંધીનગર ઉતરના ધારાસભ્ય રીટાબેન પટેલ, દક્ષિણના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, માણસાના ધારાસભ્ય જે.એસ.પટેલ, દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ અને કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોર ખાસ હાજર રહ્યા હતા.

## શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગરૂપે ઈન્દ્રોડા પાર્કની મુલાકાત



ગાંધીનગર, તા. ૮

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળામાંથી સહઅભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગરૂપે ધોરણ-૩ ના ૧૫૦ વિદ્યાર્થીઓ તથા ૪ શિક્ષકોએ તારીખ ૮-૮-૨૦૨૩ને મંગળવારે ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી હતી. ઈન્દ્રોડા પાર્કના તુષારભાઈ દવે અને કુસુમબેન સુથાર દ્વારા વિદ્યાર્થીઓને પ્રાણી-પક્ષીની સ્વચ્છતા અને જાળવણીનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકોએ ડાયનાસોરના જીવાવશેષ કુતુહલતાપૂર્વક નિહાળ્યા હતા. દીવાલોની બહાર કુદરતી વાતાવરણનો આનંદ પણ માણ્યો હતો. આ મુલાકાતથી વિદ્યાર્થીઓને પ્રકૃતિપ્રેમ અને પર્યાવરણની જાણવણી તથા સ્વચ્છતાલક્ષી પાઠ શીખવા મળ્યા હતા.

# જેઠીપુરા બ્રિજ ઉપરથી જીપડાલામાંથી ૩૦ પેટી દારૂ બિયર જથ્થો ઝડપાયો

### ડભોડા પોલીસે પીકઅપ ડાલુ, દારૂ-બિયર ટીન-૪૩૨ મળી કુલ રૂ.૪.૧૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના જેઠીપુરા બ્રિજ ઉપરથી ડભોડા પોલીસે પીકઅપ ડાલામાંથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. ડભોડા પોલીસે દારૂ-બિયર તેમજ જીપ ડાલા સહિત રૂ.૪.૧૩ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પીએસઆઈ એમ.એસ.રાણા સ્ટાફના જવાનો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન હિંમતનગર થી અમદાવાદ તરફ જતા પીકઅપ ડાલામાં મોટા પાયે વિદેશી દારૂની હેરાફેરી થવાની છે. જે બાતમીને પગલે પોલીસે જેઠીપુરા બ્રિજ ઉપર



વોચ ગોઠવી હતી.ચિલોડા તરફથી એક બંધ બોડીનું પીકઅપ ડાલુ આવતા વાહનોની આડશ કરી કોર્ડન કરી લીધુ હતું. જેમાં બે શખ્સો બેઠા હતા. પોલીસે પીકઅપ ડાલામાં તપાસ કરતા અંદરથી રૂ.૧.૫૮ લાખની કિંમતનો ૩૦ પેટી વિદેશી દારૂ તેમજ રૂ.૫૧ હજારથી વધુની કિંમતની ૧૮ પેટી બિયર મળી કુલ રૂ.૨,૧૦,૨૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી બે શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે જીપ ડાલાના ચાલકનું નામ પુછતા તેણે પ્રતાપસિંહ ભેરૂસિંહ રાજપૂત (રહે બડાતળાવ ભવરાફલા તા.સરાડા ઉદેપુર રાજસ્થાન), અને તેમજ નિર્ભયસિંહ દેવીસિંહ રાજપૂત (રહે.મિન્દૌડ તા.સરાડા જી સલુમ્બર રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસે દારૂ-બિયર, જીપ, મોબાઈલ ફોન સહિત રૂ.૪ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી આ શખ્સો દારૂનો જથ્થો કોને આપવા માટે જઈ રહ્યા હતા તેની તપાસ હાથ ધરી છે.

## સે. ૧૬ની અંધશાળામાં વૃક્ષારોપણ યોજાયું



ગાંધીનગર, તા. ૮

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે અંધશાળા સે. ૧૬ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવેલ હતો.

એન્વાયરમેન્ટ કમિટીના ચેરમેન લાયન ચંદ્રકાન્તભાઈ ઠક્કરના નેતૃત્વમાં આ કાર્યક્રમ અંતર્ગત ૧૧૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષ મકવાણા, સ્ટેન્ડીંગ કમિટીના અધ્યક્ષ જશુભાઈ પટેલ, મહાનગર ભાજપ મહામંત્રી કનુભાઈ દેસાઈ, સ્થાનિક કોર્પોરેટરો તેમજ લાયન્સ લાયોનેસ અને લીયો ક્લબના સભ્યો તેમજ શાળાના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.